RAJKOT CHAMBER OF
COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની સફળ રજૂઆત... રાજકોટ-પુના માટેની રોજીંદી ફલાઈટ શરૂ...

રાજકોટ સૌરાષ્ટ્રનું પાર્ટનગર હોય વેપાર-ઉધોગકારો તથા આમ પ્રજાજનોને વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હંમેશા પ્રયત્નશીલ રહી છે. રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા એરપોર્ટ સલાહકાર સમિતિની મિટીંગમાં તેમજ માનનીય સંસદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાજી સમક્ષ એરલાઈન્સને લગતા વિવિધ પ્રશ્નોની રજૂઆતો કરવામાં આવેલ હતી. જેમા ખાસ કરીને રાજકોટ ઓટોપાર્ટસનું હબ હોય, ડિફેન્સ અને એરોસ્પેસના પાર્ટસનું વધુ ઉત્પાદન રાજકોટમાં થઈ રહયું હોય અને હજારો વિધાર્થીઓ અને આઈ.ટી. વ્યવસાયીકો પુના અવાર-નવાર મુસાફરી કરતા હોય છે. ત્યારે મુસાફરોને કોઈપણ જાતની મુશ્કેલી ન પડે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ-પુના રાજકોટ માટેની રોજીંદી ફલાઈટ શરૂ કરવા રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજુઆતનો સ્વીકાર થયેલ છે અને ૩જી જુલાઈથી રાજકોટ -પુનાની રોજીંદી ફલાઈટ શરૂ થઈ જશે. તેથી રાજકોટ ચેમ્બરની માંગણીનો સ્વિકાર કરવા બદલ માનનીય કેન્દ્રીય ઉડ્ડયનમંત્રીશ્રી જયોતિરાદીત્ય સિંધીયા તથા સંસદસભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાનો સહદય આભાર માને છે. આમ આ એરલાઈન્સની સુવિધા મળવાથી રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોમાં હર્ષની લાગણી છવાયેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.